રે.દિ.દ.નં.૮૨/૨૦૨૪

GJBT020016222024

રે.દિ.દ.નં.૮૨/૨૦૨૪

## ***<u>આંક– ૧ લગત હુકમ</u>***

સદર કામે હાલની દરખાસ્ત મુળ અરજદાર દ્રારા તેમના સામાવાળા તેમના પત્ની થતા હોય જેથી લગ્નના હકકો ભોગવવા માટેની હાલની દરખાસ્ત કરેલ જે તા.૯/૫/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટમાં દાખલ કરતા સામાવાળા રાજકોટ મુકામે રહેતા હોય જેથી તેઓની વિરુઘ્ઘ તા.૧૩/૫/૨૪, ૭/૭/૨૪, ૨૮/૩/૨૫ થી નોટીશ કાઢવામાં આવેલ તેમ છતાં સામાવાળા તર્ફે નોટીશનો હાથબીડો લઈ ગયેલ હોવા છતાં તેઓને હાજર રખાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી તેમજ તા.૧૩/૮/૨૪ ના રોજ સામાવાળાને નોટીશ બજવવા છતાં પણ સામાવાળાને હાજર રખાવવા માટે પણ કોઈ રીકવરી વોરંટની અરજી આપેલ નથી.વધુમાં હાલના સામાવાળા અત્રેની અત્રેની કોર્ટના જયુરીડીકશનની બહાર રહેતા હોય જેથી અરજદાર તેમની પ્રોપર બજવણી માટે જે તે જગ્યાએ હાલની દરખાસ્ત કરી શકયા હોત પરંતુ તેઓ દ્રારા હાલની દરખાસ્ત લગ્નના હકકો ભોગવવા માટે અત્રેની કોર્ટમાં કરેલ છે અને ત્યારબાદ તેઓએ આંક–૮ થી સામાવાળા તા.બાબરા જી.અમરેલી મુકામે રહેતા હોય તે અંગેની સરનામા પુરશીશ આપેલ છે પરંતુ અરજદાર દ્રારા આ અંગેનુ કોઈ સરનામુ તેમની મુળ દાવામાં પણ જણાવેલ નથી ત્યારે અરજદારને હાલની અરજી દાખલ થયા બાદ તેઓ દ્રારા તેની બજવણી માટે કોઈ પ્રયાસ કરેલ ન હોય જેથી હાલની અરજદારની દરખાસ્ત પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### **<u>હુકમ</u>**

આથી, અરજદારની સદર દરખાસ્ત વાદી(દરખાસ્તદાર)ના કસુર બદલ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૨ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૬ (બી.જી.સોલંકી)
બોટાદ અધિક જયુ.મેજી.ફ.ક.,બોટાદ